ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

# ખનિજ પત્રિકા

એસોસિયેશન સમાચાર


વોલ્યૂમ - ૬

નં. - ૬

ત્રિમાસિક

જાન્યુઆરી-
માર્ચ, ૨૦૨૨

મૂલ્ય:
રૂ. ૧૦૦/-








ESTD. 1962

**GUJMIN INDUSTRY ASSOCIATION**


Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h. D.K. House, Mithakhali, Ahmedabad-380006 (Gujarat).

**Tel.:** 079-26427047 | **E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org

RAGHUVANSHI
REFRACTORIES

# WE DON'T WANT TO BE BIG BUT WE WANT TO BE THE BEST



ISR | DEC 2020

High Alumina Mortar
Conventional Castable
Low cement Castable
Insulating Castable
High Alumina Conventional Castable

## RAGHUVANSHI REFRACTORIES

MFG. REFRACTORY CASTABLES AND MORTAR

**Registered Office:** Shree Chambers, 3rd Floor Opp. M. E. M School, Porbandar-360575, Gujarat, India
Ph. +91 98252 31055 | www.raghuvanshirefractories.com

## તાંત્રિક સલાહકાર મંડળ

| | | | |
|---|---|---|---|
| ૧. | શ્રી પી. એન. રાવ | .. | પ્રમુખ અને તંત્રી |
| ૨. | શ્રી બિરેન પટેલ | .. | મેમ્બર અને તંત્રી |
| ૨. | શ્રી કે. એન. પટેલ | .. | મેમ્બર |
| ૪. | શ્રી સી. એમ. દ્વિવેદી | .. | મેમ્બર |
| ૫. | શ્રી સુરેશ રાઈઠઠા | .. | મેમ્બર |
| ૬. | ડૉ. ડી . એન. પંચોલી | .. | મેમ્બર |
| ૭. | શ્રી જયમીત સોલંકી | .. | મેમ્બર |



**શ્રી પી. એન. રાવ**
**પ્રમુખ**

માનદ મંત્રી
શ્રી જય જી. શાહ

સંયુક્ત માનદ મંત્રી
શ્રી હર્ષવદન ભાવાની
શ્રી આશિષભાઈ જે. પટેલ

ઉપપ્રમુખ
શ્રી મનોજ સોલંકી
શ્રી સી. એમ. દ્વિવેદી

ખજાનચી
શ્રી જશુભાઈ જી. પટેલ

## કમિટી સદસ્ય

| | | |
|---|---|---|
| શ્રી કે. એન. પટેલ | ચેરમેન | લીગલ કમિટી |
| શ્રી જી. બી. શાહ | ચેરમેન | ટેક્નિકલ કમિટી |
| શ્રી સી. એમ. દ્વિવેદી | સભ્ય | ટેક્નિકલ કમિટી |
| શ્રી સુનીલ દીક્ષિત | સભ્ય | ટેક્નિકલ કમિટી |
| શ્રી પી. કે. રાયચુરા | ચેરમેન | ફંડ રેઝિંગ કમિટી |
| શ્રી હેમુલભાઈ શાહ | સભ્ય | ફંડ રેઝિંગ કમિટી |
| શ્રી ગૌરાંગ ભટ્ટ | સભ્ય | ફંડ રેઝિંગ કમિટી |

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

સ્થાપનાઃ સને ૧૯૬૨

| વર્ષ | પ્રમુખ | માનદ મંત્રી |
|---|---|---|
| ૧૯૬૩-૭૦ | નટવરલાલ શામળદાસ વોરા | કૃષ્ણપ્રસાદ ઝેડ. પટેલ |
| ૧૯૭૧-૭૨ | પ્રભુદાસ વિઠ્ઠલદાસ માકેચા | દેવેન્દ્રભાઈ ડી. બધેકા |
| ૧૯૭૩ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૪-૭૫ | જયંતીલાલ ડી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૬ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૭-૭૮ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૭૯-૮૦ | ઈન્દુભાઈ એસ. જાની | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૧-૮૨ | જયેન્દ્રભાઈ બી. પટેલ | ગોવિંદભાઈ બી. શાહ |
| ૧૯૮૩-૮૫ | ગોવિંદભાઈ બી. શાહ | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૬-૮૭ | જશવંતભાઈ યુ. ત્રિવેદી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૮૮-૯૧ | સુરેન સી. ચોકસી | મધુભાઈ એ. શાહ |
| ૧૯૯૨-૯૭ | જીતેન્દ્રભાઈ ડી. ત્રિવેદી | ગિરીશ આર. પટેલ |
| ૧૯૯૭-૯૯ | ગોવિંદભાઈ બી. શાહ | બિરેન જે. પટેલ |
| ૧૯૯૯-૦૬ | રાવજીભાઈ જે. પટેલ | બિરેન જે. પટેલ |
| ૨૦૦૬-૧૦ | બિરેન જે. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૦-૧૨ | હંસરાજ ડી. પટેલ | જતીન આર. પટેલ |
| ૨૦૧૩-૧૫ | હંસરાજ ડી. પટેલ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૬-૧૮ | પી. એન. રાવ | સી. એમ. દ્વિવેદી |
| ૨૦૧૯-૨૨ | પી. એન. રાવ | જય જી. શાહ |

## સંકલિત ખનિજ મંડળ

૧. પોરબંદર ચોક માઈન્સ ઓનર્સ એન્ડ મેન્યુફેક્ચર્સ એસોસિયેશન
૨. કચ્છ ચાઈના ક્લે એસાક્સિયેશન
૩. કચ્છ માઈન્સ મિનરલ્સ એન્ડ ઈન્ડસ્ટ્રી એસોસિયેશન
૪. અમદાવાદ સેન્ડ લીઝ હોલ્ડર એસોસિયેશન
૫. ગાંધીનગર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૬. અંબાજી માર્બલ ક્વોરી એન્ડ ફેક્ટરી એસોસિયેશન
૭. છોટાઉદેપુર માઈન્સ ઓનર્સ એસોસિયેશન
૮. છોટાઉદેપુર ડિસ્ટ્રિક્ટ સેન્ડ એસોસિયેશન
૯. નવસારી ક્વોરી એસોસિયેશન
૧૦. સાઉથ ગુજરાત ઓડ જ્ઞાતિ લીઝ હોલ્ડર્સ એસોસિયેશન
૧૧. ગુજરાત બ્લોક સ્ટોન ક્વોરી એસોસિયેશન
૧૨. સાઉથ ગુજરાત લીઝ હોલ્ડર એસોસિયેશન, સુરત
૧૩. ગુજરાત ગ્રેનાઈટ એસોસિયેશન
૧૪. હાલોલ ક્વોરી એસોસિયેશન
૧૫. ગોધરા ક્વાર્ટ્સ એસોસિયેશન

## કોર્પોરેટ સંકુલ:


૧. ડી.સી.ડબ્લ્યુ. લિમિટેડ

૨. ગુજરાત અંબુજા સિમેન્ટ લિમિટેડ

૩. નિરમા લિમિટેડ

૪. સાંઘી ઇન્ડસ્ટ્રીઝ લિમિટેડ

૫. આશાપુરા માઇનકેમ લિમિટેડ

૬. અલ્ટ્રાટેક સિમેન્ટ લિમિટેડ

૭. ગુજરાત હેવીકેમિકલ લિમિટેડ

૮. ટાટા કેમિકલ્સ લિમિટેડ

૯. કાર્બોરેન્ડમ યુનિવર્સલ લિમિટેડ

૧૦. દાલમિયા રિફરેક્ટરીઝ લિમિટેડ

૧૧. બોમ્બે મિનરલ્સ લિમિટેડ

૧૨. દિગ્વિજય સિમેન્ટ કંપની લિમિટેડ

૧૩. આશાપુરા ચાઈના ક્લે કંપની

૧૪. એચ.ડી. માઈક્રોન્સ લિમિટેડ

૧૫. એચ.ડી. એન્ટરપ્રાઈઝ

૧૬. વિમલ માઈક્રોન્સ લિમિટેડ

૧૭. હાઈબોન્ડ સિમેન્ટ (ઈ) પ્રાઈવેટ લિમિટેડ

૧૮. ૨૦ માઈક્રોન્સ લિમિટેડ

૧૯. ગુજરાત ઈન્ડસ્ટ્રીઝ પાવર કંપની લિમિટેડ

૨૦. આશાપુરા કેલ્સાઈન એન્ડ રિફરેક્ટરીઝ એલ.એલ.પી.

૨૧. વાન બેન્ટ મિનરલ્સ પ્રાઈવેટ લિમિટેડ

૨૨. ઓરિયેન્ટ એબ્રેસિવ લિમિટેડ

૨૩. સૌરાષ્ટ્ર કેલ્સાઈન બોક્સાઈટ એન્ડ એલાઈડ ઈન્ડસ્ટ્રી લિમિટેડ

૨૪. સૌરાષ્ટ્ર સિમેન્ટ લિમિટેડ

૨૫. હિંદુસ્તાન ઝિંક લિમિટેડ


## અનુક્રમણિકા


૦૧ એડ્વર્ટાઈઝમેન્ટ - શ્રી રામ મિનરલ્સ

૦૨ એડ્વર્ટાઈઝમેન્ટ - રઘુવંશી રિફ્રેક્ટરીઝ

૦૫ પ્રમુખસ્થાનેથી

૦૬ કારોબારી કમિટી મિટિંગ અને વાર્ષિક સામાન્ય સભા તા. ૨૦-૧૦-૨૦૨૧ના ફોટોગ્રાફ

૦૭ ગૌણ ખનિજોના રોયલ્ટી/ડેડરેન્ટના દર બાબત શ્રી કે.એન. પટેલ, ચેરમેન, લીગલ કમિટી

૧૨ એડ્વર્ટાઈઝમેન્ટ - આશાપુરા ગ્રૂપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ

૧૩ એડ્વર્ટાઈઝમેન્ટ - ટાટા કેમિકલ્સ લિમિટેડ

૧૪ એડ્વર્ટાઈઝમેન્ટ - એચ.ડી. માઇક્રોન્સ લિમિટેડ

૧૫ ગુજમિન ઈન્ડ. એસોસિયેશનની વિજ્ઞપ્તિ

૧૬ જળસંચયના હેતુસર તળાવ/જળાશય ઊંડાં કરવાથી નીકળતાં સાદી માટી/સોફ્ટ મોરમ/કાંપ ખનિજના ઉપયોગ માટે ક્વોરી પરમિટ અને રોયલ્ટીમાંથી મુક્તિ બાબતે ઠરાવ તા. ૨૫-૦૩-૨૦૨૨

૧૮ સાદી રેતી/માટી ખનિજની હયાત લીઝની મુદત તા. ૩૧-૦૩-૨૦૨૫ સુધી લંબાવવા બાબતે ઠરાવ તા. ૩૧-૦૩-૨૦૨૨

૧૯ એડ્વર્ટાઈઝમેન્ટ - બોરોસિલ રિન્યૂએબલ લિમિટેડ

૨૦ એડ્વર્ટાઈઝમેન્ટ - જીએચસીએલ લિમિટેડ


---


લેખકો દ્વારા દર્શાવાયેલાં અભિપ્રાય-મંતવ્ય 'ખનિજ પત્રિકા'ના પ્રકાશક, તંત્રી અને "ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન"નાં નથી. પત્રિકામાં છપાયેલ કોઈ પણ સાહિત્યનું પુનઃપ્રકાશન અનુમતિ સિવાય કરવું ખાસ વર્જિત છે.


---


<u>પત્રવ્યવહારનું સરનામું</u> :
સંપર્કઃ સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન,
બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર્સ,
ડી. કે. હાઉસ પાછળ, મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૬.
ટેલિ.: ૦૭૯-૨૬૪૨૭૦૪૭ ઈ-મેઈલઃ gujmin@gmail.com


---


મુદ્રક : પ્રિન્ટ વિઝન પ્રા. લિ., આંબાવાડી, અમદાવાદ. ફોનઃ ૦૭૯-૨૬૪૦૫૨૦૦

## પ્રમુખસ્થાનેથી



**શ્રી પી. એન. રાવ**
**પ્રમુખ**

માનનીય સભ્યશ્રીઓ,

આપ સર્વ સમક્ષ આ 'ખનિજ પત્રિકા'નો અંક રજૂ કરતાં આનંદની લાગણી અનુભવું છું.

રાજ્યમાં જુદા જુદા મુખ્ય ખનિજોની ૪૨૭ માઈનિંગ લીઝ, ગૌણ ખનિજોની ૭૩૪૩ મળી કુલ ૭૭૭૦ લીઝ અસ્તિત્વ ધરાવે છે.

આ લીઝમાંથી રાજ્ય સરકારશ્રીને રોયલ્ટી, ડેડરેન્ટ, સરફેસ રેન્ટ તથા અન્ય આવક મળી વાર્ષિક રૂ. ૧૨૧૪.૫૦ કરોડની આવક થવા પામેલ. પ્રધાનમંત્રી ખનિજ કલ્યાણ યોજના અન્વયે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન ફંડ પેટે તા. ૨૬.૯.૨૦૧૬થી રૂ. ૮૯૨.૪૪ કરોડ પ્રાપ્ત થયેલ છે. ગૌણ ખનિજોમાં જુદા જુદા ખનિજોના ૨૧૧૧ બ્લોકની ઓળખ કરી ૧૪૦૯ બ્લોક હરાજી માટે જાહેર કરેલ, જે પૈકી ૮૦૯ બ્લોકની હરાજી પ્રક્રિયા સફળ રહેલ. ૨૧૭ બ્લોક નિષ્ફળ રહેલ, જ્યારે ૩૮૪ બ્લોક કાર્યવાહી હેઠળમાં રહેલ છે.

રાજ્ય સરકારશ્રી દ્વારા સફળ બિડર/લીઝધારકને ઈ.સી. મંજૂરી સરળતાથી મળી રહે તે માટે જુદી જુદી ૪ એજન્સીઓ નિયુક્ત કરવામાં આવેલ છે. આ એજન્સીઓ દ્વારા સફળ બિડર/લીઝધારક દ્વારા જરૂરી આધાર સહ અરજી દાખલ કરવાથી ઈ.સી. મંજૂરી મેળવવા સુધીની સમગ્ર કાર્યવાહી જિલ્લા કચેરી સાથે સંકલન કરી કરવામાં આવે છે, પરંતુ આ કાર્યવાહીને અંશતઃ સફળતા મળેલ છે.

તાજેતરમાં રાજ્ય સરકારશ્રી દ્વારા ગૌણ ખનિજોના રોયલ્ટી/ડેડરેન્ટના દર સુધારવા અંગે તલસ્પર્શી/તર્કસંગત અભ્યાસ માટે ૧૨ સભ્યોની સમિતીની રચના કરવામાં આવેલ છે જેમાં આપણા એસોસિયેશનના પ્રતિનિધિઓ તથા અન્ય ખનિજોના એસોસિએશનના પ્રતિનિધિઓનો સમિતિના સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે, જે અન્વયે ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન તરફથી શ્રી કે. એન. પટેલ, લીગલ એડ્વાઈઝર દ્વારા ગૌણ ખનિજની રોયલ્ટી/ડેડરેન્ટના પ્રવર્તમાન દર વધારવાના બદલે તર્કસંગત બનાવવા તલસ્પર્શી અહેવાલ સમિતિ સમક્ષ રજૂ કરવા તૈયાર કરેલ છે, જેનો સમાવેશ આ અંકમાં કરવામાં આવેલ છે તે બદલ તેઓશ્રીના આભારી છીએ.

ભારતીય ખાણ ક્ષેત્ર પર જંગલની જમીનના સર્વેક્ષણ અને માઈનિંગ હરાજી પ્રીમિયમ, પર્ફોર્મન્સ સિક્યોરિટી, રોયલ્ટી પર જી.એસ.ટી., ડી.એમ.એફ., એન.એમ.ઈ.ટી., સ્ટેમ્પ ડ્યૂટી જેવા અન્ય કરવેરાનું ભરપૂર દબાણ છે, જેથી ટકાઉ વિકાસ માટે ખાણકામ ક્ષેત્રે કરવેરા માળખાને તર્કસંગત બનાવવા અને ખનિજ ઉદ્યોગ માટે સતત કાચામાલ સુરક્ષાની દૃષ્ટિએ લાંબા ગાળાના લાભ મેળવવા જરૂરી છે. ડી.એમ.એફ. અને એન.એમ.ઈ.ટી. ની કામગીરીની સમીક્ષા જરૂરી છે.

વધુમાં આપણા એસોસિયેશનની ઘણા લાંબા સમયથી કરેલ રજૂઆતને ધ્યાને લઈ તાજેતરમાં રાજ્ય સરકારશ્રીએ જાહેરનામા તા. ૩૦.૩.૨૦૨૨થી સાદી રેતી/માટી ખનિજની અસ્તિત્વ ધરાવતી ક્વોરી લીઝમાં મુદત વધારો તા. ૩૧-૩-૨૦૨૫ સુધી જાહેર કરવામાં આવેલ છે તે બદલ એસોસિયેશન માન. મુખ્યમંત્રીશ્રીના આભારી છે. આ પ્રમાણે સરકારશ્રી તરફથી ખનિજ ઉદ્યોગના પ્રશ્નો હલ કરવા સહકાર મળતો રહે તેવી અપેક્ષા રાખીએ.

વધુમાં મુખ્ય ખનિજોની લીઝોમાં એમ.સી.આર. ૨૦૧૬ના નિયમ ૪૯માં વિલંબથી ચૂકવણી માટે ૨૪% વ્યાજ વસુલ કરવાની જોગવાઈ હતી તે ભારત સરકારશ્રીના જાહેરનામા તા. ૨-૧૧-૨૦૨૧થી ઘટાડો કરી ૧૨% લેખે વ્યાજ વસુલ કરવાની જોગવાઈ કરવામાં આવેલ છે તે મુજબ ગૌણ ખનિજોમાં ૧૮% વ્યાજના દરમાં ઘટાડો કરી ૧૨% લેખે કરવા અત્રેના પત્ર તા. ૧૧-૦૪-૨૦૨૨થી રાજ્ય સરકારશ્રીને રજુઆત કરેલ છે.

એમ.સી.આર. ૨૦૧૬માં માઈનીંગ લીઝ પાર્ટ સરન્ડરની જોગવાઈ ન હતી. તે ભારત સરકારશ્રીએ જાહેરનામા તા. ૨-૧૧-૨૦૨૧થી સુધારો કરી માઈનીંગ લીઝ સરન્ડરના નિયમ ૨૧માં પાર્ટ સરન્ડરની જોગવાઈ દાખલ કરવામાં આવેલ છે. તે અનુસાર ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો ૨૦૧૭ના નિયમ ૪૨માં સુધારો કરી પાર્ટ સરન્ડરની જોગવાઈ દાખલ કરવા અત્રેના પત્ર તા. ૧૧-૪-૨૦૨૨થી રાજ્ય સરકારશ્રીને રજૂઆત કરી છે.

અંતમાં આપણા એસોસિયેશનના ઘણા લાંબા સમય સુધી લીગલ કમિટીના સભ્ય, ખનિજ ઉદ્યોગના માર્ગદર્શક તથા ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતામાં નિયામક તરીકે સેવા આપેલ તેવા સૌના પ્રિય અને આદરપાત્ર શ્રી સી. કે. જોષીના અચાનક દુઃખદ અવસાનથી ખનિજ ઉદ્યોગ દુઃખ અને આઘાતની લાગણી અનુભવે છે. તેઓશ્રીની ખોટ એસોસિયેશનને હંમેશા વણપુરાયેલ રહેશે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે તેવી અભ્યર્થના.

આપ સૌના સહકારની અપેક્ષા સાથે,

**Photographs of the 7th Executive Committee Meeting of the Association held on 20-10-2021 at 'The Hotel West End'**





**Annual General Meeting of the Association was held virtually on 20-10-2021 at 3.00 PM. Photographs of Shri P.N. Rao, President, Shri Jay G. Shah, Hon. Secretary and other EC Members managing the meeting from 'The Hotel West End'.**





# ગૌણ ખનિજોના રોયલ્ટી/ડેડરેન્ટના દર બાબત



**શ્રી કે. એન. પટેલ**
M.Sc. (Geology)
Mob.: 94277 10306
e-mail: knpatel27@gmail.com

**પ્રસ્તાવના**

ખનિજો એ અમૂલ્ય કુદરતી સંપત્તિ છે. ભારતના સંઘીય માળખામાં રાજ્ય સરકાર રાજ્યની સીમામાં સ્થિત ખનિજોની માલિક છે. માઈન્સ એન્ડ મિનરલ્સ (ડેવલપમેન્ટ એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૧૯૫૭ ખાણોના નિયમન અને ખનિજના વિકાસ માટે કાનૂની માળખું પૂરું પાડે છે. ખનિજોને મુખ્ય ખનિજો અને ગૌણ ખનીજો તરીકે ઓળખવામાં આવે છે. એમ. એમ. (ડી.આર.) એક્ટ-૧૯૫૭ની કલમ-૧૫ હેઠળ ગૌણ ખનિજોના મિનરલ કન્સેશન મંજૂર કરવા નિયમો બનાવવા રાજ્ય સરકારને સત્તા મળેલ છે. તે સત્તાની રૂએ ગૌણ ખનિજોના પટ્ટા મંજૂરી અને નિયમન માટે રાજ્ય સરકારશ્રીએ ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૭ અમલમાં મૂકેલ છે. ગૌણ ખનિજની રોયલ્ટીના દર રાજ્ય સરકારશ્રીએ નક્કી કરવાની તથા વસૂલ કરવાની જોગવાઈ આ કલમ હેઠળ કરવામાં આવેલ છે અને કલમ-૧૫ (૩)ના પ્રોવિઝન હેઠળ ૩ વર્ષના સમયગાળા દરમ્યાન રાજ્ય સરકાર રોયલ્ટી/ડેડરેન્ટના દરમાં એક વાર વધારો કરી શકે છે. પટ્ટેદાર પાસેથી રોયલ્ટી લેવા સરકાર હક્કદાર છે, પરંતુ તેના દર નક્કી કરતી વખતે સ્ટેક હોલ્ડર તરીકે પટ્ટેદારની રજુઆત અને ધારણા ધ્યાને લેવી જરૂરી છે, કારણકે ખનીજોની ઉત્પાદન કિંમત અને બજારમાં તેની માંગ અંગેની જમીની હકીકતથી ખરેખર જાણકાર તેઓ હોય છે.

તાજેતરમાં રાજ્ય સરાકારશ્રીના ઉદ્યોગ અને ખાણ વિભાગ, સચિવાલય, ગાંધીનગરના ઠરાવ ક્રમાંકઃ એમસીઆર /૧૧૦૩/૧૫૭૨/છ તા. ૩૦-૧૨-૨૦૨૧થી ગૌણ ખનીજોના રોયલ્ટીના દર સુધારવા અંગે તલસ્પર્શી/તર્ક સંગત અભ્યાસ માટે કમિશનરશ્રી, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતું, ગાંધીનગરના અધ્યક્ષપણા હેઠળ ૧૨ સભ્યની સમિતિની રચના કરવામાં આવેલ છે, જેમાં ગુજમિન ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશનના પ્રતિનિધિ તથા અન્ય ખનિજોનાં એસોસિયેશનના પ્રતિનિધીઓનો સમિતિના સભ્ય તરીકે સમાવેશ કરવામાં આવેલ છે તે યોગ્ય જ છે.

આ પ્રસંગે ગુજમિન ઈન્ડસ્ટ્રીઝ એસોસિયેશન તથા અન્ય ખનીજોનાં એસોસિયેશનોને સમિતિ સમક્ષ રજૂઆત માટે ઉપયોગી થાય તે માટે ગૌણ ખનિજો અને તેના રોયલ્ટી/ડેડરેન્ટના દર બાબતે કાયદાકીય જોગવાઈ, પ્રવર્તમાન રોયલ્ટી દરની સમીક્ષા તથા સામાન્ય સૂચનો રજૂ કરેલ છે.

**૧. ગૌણ ખનિજો અને તેના રોયલ્ટી/ડેડરેન્ટના દર બાબતે કાયદાકીય જોગવાઈ**

આપ સર્વેને સુવિદિત છે કે. ખનિજોને મુખ્ય ખનિજો અને ગૌણ ખનિજો તરીકે ઓળખવામાં આવે છે. એમ.એમ. (ડી.આર.) એક્ટ-૧૯૫૭ની કલમ-૩(ઈ) હેઠળ ગૌણ ખનિજોની વ્યાખ્યા કરવામાં આવેલ છે તે મુજબ ગૌણ ખનિજો એટલે બિલ્ડિંગ સ્ટોન, ગ્રાવેલ, સાદી માટી, સાદી રેતી અને અન્ય ખનિજો કે જેને કેન્દ્ર સરકાર જાહેરનામાંથી ગૌણ ખનિજો તરીકે જાહેર કરેલ છે. જેમાં બોલ્ડર, સિંગલ ચાલ્સેડોની પેબલ્સ, લાઈમશેલ લાઈમ કંકર, મુરમ, ઈંટ માટી, ફૂલર્સ અર્થ, બેન્ટોનાઈટ રોડ મેટલ, માર્બલ, ક્વાર્ટઝાઈટ. સેન્ડસ્ટોન વગેરેનો સમાવેશ થાય છે. છેલ્લે કેન્દ્ર સરકારશ્રીએ જાહેરનામા નં. એસઓ. ૪૨૩(ઈ) તા.૧૦-૦૨-૨૦૧૫થી ૩૧ ખનિજોને ગૌણ ખનિજો તરીકે જાહેર કરેલ છે. આ ૩૧ મુખ્ય ખનિજોમાં ગુજરાત રાજ્યમાં મળી આવતા અગેટ, ચોક, ચાઈનાક્લે, ક્લે (અધર્સ), ડોલોમાઈટ, ફાયર ક્લે, ફેલ્સપાર, જિપ્સમ, કેઓલીન, લેટેરાઈટ, લાઈમકંકર, રેડ ઓકર, સોપ સ્ટોન, ક્વાર્ટ્ઝ, સેન્ડ (અધર્સ), સિલિકા સેન્ડ વગેરેનો સમાવેશ થાય છે.

એમ.એમ.(ડી.આર.) એક્ટ-૧૯૫૭ ની કલમ-૧૫ હેઠળ ગૌણ ખનિજોના મિનરલ કન્સેશન મંજૂર કરવા નિયમો બનાવવા રાજ્ય સરકારને સત્તા મળેલ છે. તે સત્તાની રૂએ ગૌણ ખનિજોના પટ્ટા મંજૂરી અને નિયમન માટે રાજ્ય સરકારશ્રીએ ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો-૨૦૧૭ અમલમાં મૂકેલ છે. ગૌણ ખનિજની રોયલ્ટીના દર રાજ્ય સરકારશ્રીએ નક્કી કરવાની તથા વસૂલ કરવાની જોગવાઈ આ કલમ હેઠળ કરવામાં આવેલ છે અને કલમ-૧૫(૩)ના પ્રોવિઝ હેઠળ ૩ વર્ષના સમયગાળા દરમ્યાન રાજ્ય સરકાર રોયલ્ટી/ડેડરેન્ટના દરોમાં એક વાર વધારો કરી શકે છે. એમ.એમ.(ડી.આર.) એક્ટની કલમ-૧૪ મુજબ કલમ-૫થી ૧૩ની જોગવાઈઓ ગૌણ ખનિજોને લાગુ પડતી નથી. કલમ -૨૮ (૩) હેઠળ રાજ્ય સરકારશ્રીએ બનાવેલ નિયમો અને જાહેરનામાં જલદી માં જલદી વિધાનસભા સમક્ષ

રજૂ કરવાના રહે છે.

ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો-૨૦૧૭નાં નિયમ-૫૬ (૧) મુજબ પટ્ટેદારે ખનિજના નિકાસ અથવા વપરાશ માટે શેડ્યૂલ-૪ના ટેબલ-એમાં નિર્દિષ્ટ દરે રોયલ્ટી ભરવાની રહે છે અને નિયમ-૫૬ (૨) મુજબ શેડ્યૂલ-૪નાં ટેબલ-બી માં નિદિષ્ટ દરે ડેડરેન્ટ ભરપાઈ કરવાનું રહે છે, જો કે વર્ષ દરમ્યાન રોયલ્ટી કે ડેડરેન્ટ બંનેમાંથી જે વધુ હોય તે ભરવાપાત્ર થાય છે.

## ૨. પ્રવર્તમાન રોયલ્ટી અને ડેડરેન્ટના દરની સમીક્ષા

પ્રવર્તમાન રોયલ્ટીના દર સરકારશ્રીના. ઉદ્યોગ અને ખાણ વિભાગનાં નોટિફિકેશન તા. ૧૮-૦૬-૨૦૧૬થી શેડ્યૂલ-૧ તરીકે અને ડેડરેન્ટના દર શડ્યૂલ-૨ તરીકે અમલમાં મૂકવામાં આવેલ છે, જેમાં મુખ્ય ખનિજમાંથી તા. ૧૦-૦૨-૨૦૧૫ના કેન્દ્ર સરકારશ્રીના જાહેરનામાથી મુખ્ય ખનિજમાંથી ગૌણ ખનિજ તરીકે જાહેર થયેલ ૩૧ ખનિજોની ગૌણ ખનિજો તરીકે પ્રથમ વાર નક્કી થયેલ રોયલ્ટી/ડેડરેન્ટનો સમાવેશ થાય છે, જેનો તા. ૨૪-૦૫-૨૦૧૭થી અમલમાં આવેલ ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો - ૨૦૧૭ના શેડયૂલ-૪ માં સમાવેશ કરવામાં આવેલ છે.

ગૌણ ખનિજોના પ્રવર્તમાન અને તે અગાઉના રોયલ્ટી તથા ડેડરેન્ટના દર અને તેના વધારાની ટકાવારી દર્શાવતું પત્રક નીચે મુજબ છે.

| અ.નં. | ખનિજનું નામ | સરકારશ્રીનાં નોટિફિકેશન નં.જીયુ/૨૦૧૦/૪/ એમસીઆર/ ૧૧૦૩/૧૫૨૦ (ભાગ-૧)/છ તા.૧૩.૦૧.૧૦ હેઠળના રોયલ્ટીના દર (રૂ.) | સરકારશ્રીના પ્રવર્તમાન નોટિફિકેશન નં. જીજે/૨૦૧૬/૬૭/ એમસીઆર- ૧૦૨૦૧૩- ૩૨૮૯-છ તા.૧૮.૦૬.૨૦૧૬ ) હેઠળના રોયલ્ટીના દર (રૂ.) | રોયલ્ટી વધારાની ટકાવારી | સરકારશ્રીના નોટિફિકેશન નં.જીયુ/૨૦૧૦/૪/ એમસીઆર/ ૧૧૦૩/૧૫૨૦ (ભાગ-૧)/છ તા.૧૩.૦૧.૧૦ હેઠળના ડેડરેન્ટના દર (રૂ.) | સરકારશ્રીના પ્રવર્તમાન નોટિફિકેશન નં. જીજે/૨૦૧૬/૬૭/ એમસીઆર - ૧૦૨૦૧૩- ૩૨૮૯-છ તા. ૧૮.૦૬.૨૦૧૬ હેઠળના ડેડરેન્ટના દર (રૂ.) | ડેડરેન્ટ વધારાની ટકાવારી |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | ક્વાર્ટ્ઝાઈટ | ૨૦ | ૪૦ | ૧૦૦ | ૩૩,૦૦૦ | ૫૦,૦૦૦ | ૫૧.૫૧ |
| ૨ | સેન્ડસ્ટોન | ૩૦ | ૫૦ | ૬૬.૬૭ | ૩૦,૦૦૦ | ૫૫,૦૦૦ | ૮૩.૩૪ |
| ૩ | ગ્રેનાઈટ/ડોલેરાઈટ (બ્લોક) | ૧૬૦ | ૨૧૦ | ૩૧.૨૫ | ૬૦,૦૦૦ | ૮૦,૦૦૦ | ૩૩.૩૪ |
| | ગ્રેનાઈટ/ડોલેરાઈટ (રબલ) | ૩૦ | ૫૦ | ૬૬.૬૭ | | | |
| ૪ | બિલ્ડિંગ સ્ટોન (સ્લેટ ફિલાઈટ, ટ્રેકાઈટ/ ગ્રેબ્રો અને અન્ય સાથે) | ૩૦ | ૫૦ | ૬૬.૬૭ | ૩૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૬૬.૬૭ |
| ૫ | લાઈમસ્ટોન | ૩૦ | ૫૦ | ૬૬.૬૭ | ૩૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૬૬.૬૭ |
| ૬ | ૧. બ્લેકટ્રેપ<br>૨. હાર્ડ મુરમ | ૨૫<br>૨૦ | ૪૫<br>૪૫ | ૮૦<br>૧૨૫ | ૮૫,૦૦૦<br>૫૩,૦૦૦ | ૧,૦૦,૦૦૦<br>૧,૦૦,૦૦૦ | ૧૭.૬૫<br>૮૮.૬૮ |
| ૭ | બેન્ટોનાઈટ / ફૂલર્સ અર્થ | ૭૦ | ૧૧૦ | ૫૭.૧૪ | ૭૦,૦૦૦ | ૧,૦૦,૦૦૦ | ૪૨.૮૫ |
| ૮ | માર્બલ (બ્લોક)<br>માર્બલ (રબલ) | ૩૦૦<br>૬૦ | ૨૩૦<br>૯૦ | -૨૩<br>૫૦ | ૭૫,૦૦૦<br>૭૫,૦૦૦ | ૧,૦૦,૦૦૦<br>૧,૦૦,૦૦૦ | ૩૩.૩૪<br>૩૩.૩૪ |
| ૯ | ગ્રેવલ | ૧૫ | ૪૦ | ૧૬૬ | ૧૫,૦૦૦ | ૫૦,૦૦૦ | ૨૩૩.૩૪ |
| ૧૦ | સોફ્ટ મુરમ | ૧૨ | ૨૫ | ૧૦૮.૩૪ | ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૫૦ |
| ૧૧ | ઓર્ડિનરી ક્લે | ૧૨ | ૨૫ | ૧૦૮.૩૪ | ૨૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૫૦ |
| ૧૨ | ઓર્ડિનરી સેન્ડ/કંકર | ૧૨ | ૪૦ | ૨૩૩ | ૨૦,૦૦૦ | ૫૦,૦૦૦ | ૧૫૦ |
| ૧૩ | ચાલ્સેડોની પેબેલ્સ / ક્વાર્ટ્ઝાઈટ પેબેલ્સ | ૩૦ | ૬૦ | ૧૦૦ | ૨૫,૦૦૦ | ૩૦,૦૦૦ | ૨૦ |
| ૧૪ | રેડ ક્લે | ૩૦ | ૪૦ | ૩૩.૩૪ | ૩૦,૦૦૦ | ૪૦,૦૦૦ | ૩૩.૩૪ |
| ૧૫ | અન્ય ગૌણ ખનિજ, જેનો ઉપર સમાવેશ થતો નથી. | ૩૦ | ૪૫ | ૫૦ | ૩૦,૦૦૦ | ૩૦,૦૦૦ | ૦૦ |

છેલ્લે કેન્દ્ર સરકારશ્રીના તા. ૧૦-૦૨-૨૦૧૫ના નોટિફિકેશનથી જે ૩૧ ખનિજો ગૌણ ખનિજ તરીકે વર્ગીકૃત કરવામાં આવેલ છે, તેની રોયલ્ટી/ડેડરેન્ટ ના દર રાજ્ય સરકારશ્રીએ પ્રથમ વાર તા. ૧૮-૦૬-૨૦૧૬ના નોટીફિકેશનથી જાહેર કરેલ છે. આ ખનિજોના મુખ્ય ખનિજ તરીકેના તા. ૧૦-૦૨-૨૦૧૫ની સ્થિતીએ રોયલ્ટીના દર અને ગૌણ ખનિજ તરીકેના રોયલ્ટીના દર તથા રોયલ્ટી/ વધારાની ટકાવારી નીચે મુજબ છેઃ

**રોયલ્ટી** **પ્રતિ મેટ્રીક ટન રૂ.માં**

| અ.નં. | ખનિજનું નામ | મુખ્ય ખનિજ તરીકે રોયલ્ટી (તા.૧૦-૦૨-૨૦૧૫ની સ્થિતિએ) | ગૌણ ખનિજ તરીકે રોયલ્ટી (તા.૧૮-૦૬-૨૦૧૬ના નોટિફિકેશન મુજબ) | રોયલ્ટી વધારાની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧. | અગેટ | રૂ.૬૦/- (વેચાણ કિંમત રૂ.૫૦૦ના ૧૨ ટકા) | ૧૦૦ | ૬૬.૬૭% |
| ૨. | બોલ ક્લે | રૂ.૩૪ (વેચાણ કિંમત રૂ.૪૨૫ના ૮ ટકા (ક્રુડ) | ૬૦ | ૭૬.૪૭% |
| ૩. | ચાઈના ક્લે/ વ્હાઈટ ક્લે/ કેઓલીન | રૂ.૧૬/- (વેચાણ કિંમત રૂ.૨૦૦ના ૮ ટકા (ક્રૂડ) | ૪૫ (ક્રૂડ) | ૧૮૧.૨૫% |
| ૪. | કેલ્સાઈટ | રૂ.૫૬.૭૦ (વેચાણ કિંમત રૂ.૩૭૮ના ૧૫ ટકા) | ૬૦ | ૫.૮૨% |
| ૫. | ચોક | રૂ.૬૧.૯૨/- (વેચાણ કિંમત રૂ.૫૧૬ના ૧૨ ટકા) | ૯૫ | ૫૩.૪૨% |
| ૬. | ક્લે (અધર્સ) / લીથોમર્જિક ક્લે / પોઝોલેનીક ક્લે / નેચરલ ક્લે / ડાયાટોમેશિયસ ક્લે / | રૂ.૧૯.૨/- (વેચાણ કિંમત રૂ.૧૬૦/-ના ૧૨ ટકા) | ૪૫ | ૧૩૪.૩૭% |
| ૭. | ડોલોમાઈટ | ૭૫ | ૭૫ | ૦% |
| ૮. | ફેલ્સપાર | રૂ.૩૬.૬૦ (વેચાણ કિંમત રૂ.૨૪૪ના ૧૫ ટકા) | ૪૦ | ૯.૨૮% |
| ૯. | ફાયર ક્લે | રૂ.૮.૪૦ (વેચાણ કિંમત રૂ.૭૦ ના ૧૨ ટકા) | ૪૫ | ૪૩૫.૭૧% |
| ૧૦. | જિપ્સમ | રૂ.૬૩.૮૪ (વેચાણ કિમત રૂ.૫૩૨ ના ૧૨ ટકા) | ૪૫ | -૨૯.૫૧% |
| ૧૧. | લેટેરાઈટ | રૂ.૪૨.૫૦/- (નોન - મેટલર્જીકલ ગ્રેડ માટે રૂ.૧૭૦/- વેચાણ કિંમતના ૨૫ ટકા) | ૭૦ | ૬૪.૭૦% |
| ૧૨. | ઓકર | ૨૪ | ૪૫ | ૮૭.૫૦% |
| ૧૩. | ક્વાર્ટઝ | રૂ.૨૭.૭૫/- (વેચાણ કિંમત રૂ.૧૮૫/- ના ૧૫ ટકા) | ૬૦ | ૧૧૬.૨૧% |
| ૧૪. | સેન્ડ (અધર્સ)/ મોલ્ડિંગ સેન્ડ | ૨૦ | ૪૫ | ૧૨૫% |
| ૧૫. | સિલિકા સેન્ડ | રૂ.૧૬.૧૦/- (વેચાણ કિંમત રૂ.૧૬૧/-ના ૧૦ ટકા) | ૪૫ | ૧૭૯.૫૦% |
| ૧૬. | સોપ સ્ટોન | રૂ.૭૨.૫૪ (વેચાણ કિંમત રૂ.૪૦૩/-ના ૧૮ ટકા) | ૪૫ | -૩૭.૯૬% |

ડેડરેન્ટ

આ ખનિજોના મુખ્ય ખનિજ તરીકેના ડેડરેન્ટના દર અને ગૌણ ખનિજ તરીકેના ડેડરેન્ટના દર નો તફાવત નીચે મુજબ છેઃ

| અ.નં. | ખનિજનું નામ | મુખ્ય ખનિજ તરીકે ડેડ રેન્ટ | ગૌણ ખનિજ તરીકે ડેડ રેન્ટ | ડેડ રેન્ટ વધારાની ટકાવારી |
|---|---|---|---|---|
| ૧. | ઉપર મુજબના તમામ ખનિજો | બીજા વર્ષે રૂ. ૪૦૦/- પ્રતિહેક્ટર.<br>ત્રીજા અને ચોથા વર્ષે રૂા.૧,૦૦૦/- પ્રતિ હેક્ટર<br>પાંચમા વર્ષ અને ત્યારબાદ રૂ.૨,૦૦૦/- પ્રતિહેક્ટર (અગેટ ખનિજની લીઝમાં ઉપરોક્ત દરના ત્રણ ગણા) | ૩૦,૦૦૦/- પ્રતિહેક્ટર | ૭૪૦૦% બીજા વર્ષ માટે<br><br>૨૯૦૦% ત્રીજા અને ચોથા વર્ષ માટે<br><br>૧૪૦૦% પાંચમા વર્ષથી |

**૩. સામાન્ય સૂચનોઃ**

૧. ગૌણ ખનિજોનાં પ્રવર્તમાન અને તે અગાઉના રોયલ્ટી તથા ડેડરેન્ટના દર અને તેના વધારાની ટકાવારી દર્શાવતું પત્રક જોતાં જણાશે કે રોયલ્ટી તથા ડેડરેન્ટના વધારાની ટકાવારી ૨૩૩ ટકા સુધીની છે, જ્યારે છેલ્લે ગૌણ ખનિજ તરીકે જાહેર થયેલ ૩૧ ખનિજોમાં રોયલ્ટી વધારો ૪૩૫ ટકા સુધીનો અને ડેડરેન્ટ વધારો ૭૪૦૦ ટકા સુધીનો છે. જે પટ્ટેદારો પર અસહ્ય બોજારૂપ છે. આ તકે ગૌણ ખનિજની રોયલ્ટી-ડેડરેન્ટના પ્રવર્તમાન દર વધારવાના બદલે તર્કસંગત બનાવવા ભારપૂર્વક સમિતિ સમક્ષ રજૂઆત થાય તે જરૂરી છે.

૨. રાજ્યમાં મળી આવતા મોટા ભાગના ગૌણ ખનિજો હોઈ બલ્ક, લો વેલ્યૂ પ્રકારના છે. રાજ્યમાં ગૌણ ખનિજની રોયલ્ટી-ડેડરેન્ટના પ્રવર્તમાન દર અસહ્ય હોવા બાબતે લીઝધારકો તરફથી અસોસિયેશનને સંખ્યાબંધ રજૂઆતો મળેલ અને એસોસિયેશન તરફથી સરકારશ્રી કક્ષાએ દર તર્ક સંગત બનાવવા વખતોવખત રજૂઆત કરવામાં આવેલ છે, જે હકીકત પણ ધ્યાને લેવા જરૂરી છે.

૩. પટ્ટેદાર પાસેથી રોયલ્ટી લેવા સરકાર હકદાર છે, પરંતુ તેના દર નક્કી કરતી વખતે સ્ટેક હોલ્ડર તરીકે પટ્ટેદારની રજૂઆત અને ધારણા ધ્યાને લેવી જરૂરી છે, કારણ કે ખનિજોની ઉત્પાદન કિંમત અને બજારમાં તેની માંગ અંગે ખરેખર જાણકાર તેઓ હોય છે.

૪. રોયલ્ટી-ડેડરેન્ટના દર તર્કસંગત નક્કી કરવા પાછળનો ઉદ્દેશ ઉદ્યોગનો ઝડપી વિકાસ થાય તેવો હોય તે જરૂરી છે. છેલ્લે ૩૧ ખનીજોને ગૌણ ખનિજો તરીકે વર્ગીકૃત કરવાનો કેન્દ્ર સરકારશ્રીનો આશય રાજ્ય સરકારશ્રીને વધુ સત્તા આપવાનો અને પરીણામે રાજ્યમાં ખનિજ વિકાસની પ્રક્રિયા ઝડપી બનાવવાનો એટલે કે લઘુતમ સરકાર મહત્તમ શાસનનો ઉદ્દેશ રહેલો છે.

૫. ૩૧ મુખ્ય ખનિજોની ગૌણ ખનિજો તરીકે પ્રથમ વાર રોયલ્ટી/ડેડરેન્ટ રાજ્ય સરકારશ્રીએ તા. ૧૮-૦૬-૨૦૧૬થી નક્કી કરી જાહેરનામું બહાર પાડેલ છે. ગૌણ ખનિજ તરીકે વર્ગીકૃત કરવાના જાહેરનામા તા.૧૦-૦૨-૨૦૧૫થી તા.૧૭-૦૬-૧૬ સુધીના સમયગાળા માટે રાજ્ય સરકારશ્રીએ રોયલ્ટી/ડેડરેન્ટ બાબતે કોઈ જ સ્પષ્ટતા કરેલ નથી, જેથી આ સમયગાળા માટે પણ રોયલ્ટી-ડેડરેન્ટની સ્પષ્ટતા થવી જરૂરી છે.

૬. રોયલ્ટીના દર યુનિટ બેઝ્ડ, એડ્વેલોરમ (વેલ્યૂ બેઝડ) અથવા પ્રોફિટ બેઝ્ડ નક્કી થઈ શકે છે, પરંતુ રાજ્યમાં મળી આવતા ગૌણ ખનિજો લો વેલ્યૂ મિનરલ હોઈ યુનિટ બેઝ્ડ એટલે કે ટન બેઝ્ડ ભલામણ થાય તે જરૂરી છે.

૭. બંધ લીઝમાં સરકારશ્રીને આવક મળી રહે તે માટે ડેડરેન્ટની જોગવાઈ કરવામાં આવેલ છે એટલે કે ડેડરેન્ટ એ લઘુતમ ગેરન્ટેડ રોયલ્ટી ગણાય છે, જેથી લો વેલ્યૂ મિનરલ, મિડિયમ વેલ્યૂ મિનરલ જેવાં ગ્રૂપ બનાવી તેને અનુરૂપ ડેડરેન્ટ નક્કી થવું જરૂરી છે.

૮. ગૌણ ખનિજો જેવાં કે અગેટ, ચોક, માર્બલ, બેન્ટોનાઈટ વગેરે રાજ્યમાં મર્યાદિત જથ્થામાં મળે છે તેના રોયલ્ટીના દર ઓછા રાખવા જરૂરી છે.

૯. જે ગૌણ ખનિજોનું પ્રોસેસિંગ, બેનિફિશિયેશન લીઝ વિસ્તારમાં કરવામાં આવે છે તે માટે પ્રોત્સાહક રોયલ્ટીના દર નક્કી કરવા જરૂરી છે.

૧૦. મૂળ ગૌણ ખનિજોમાં બ્લેકટ્રેપ અને સાદી રેતી ખનિજનું ઉત્પાદન/નિકાસ વધારે હોય છે, પરંતુ તેની ઉપલબ્ધતા અને ગુણવત્તા જુદા જુદા જિલ્લાઓમાં અલગ હોય છે, જે રોયલ્ટી-ડેડરેન્ટના દર નક્કી કરતાં ધ્યાને લેવાપાત્ર છે.

૧૧. માર્બલ ખનિજની લીઝમાં રોયલ્ટી-ડેડરેન્ટના દર તર્કસંગત કરવા માટે રાજ્યમાં મર્યાદિત ખનિજ ઉપલબ્ધતા, મોટા ભાગે નબળી ગુણવત્તા તથા ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો અભાવ વગેરે બાબતો ધ્યાને લેવી જરૂરી છે. પડોશી રાજ્ય રાજસ્થાનમાં માર્બલ ખનિજની વિપુલ ઉપલબ્ધતા ઘણા જિલ્લાઓમાં છે તથા ગુણવત્તા તથા ઈન્ફ્રાસ્ટ્રકચરની સગવડતાની દ્રષ્ટિએ અગ્રેસર હોઈ, તેની સરખામણી થઈ શકે નહીં, જેથી તે રાજ્યનાં રોયલ્ટીના દર ધ્યાને લીધા સિવાય, ગુજરાત રાજ્યની મર્યાદિત ડિપોઝિટ ધ્યાને લઈ પટ્ટેદારોને પોષણક્ષમ દર નક્કી થવા જરૂરી છે.

૧૨. રાજ્ય ગ્રેનાઈટ ખનિજના માઈનિંગમાં પ્રાથમિક તબક્કે હોઈ. ગ્રેનાઈટની લીઝમાં પટ્ટેદારોને પ્રોત્સાહન મળે તે ધ્યાને લઈ રોયલ્ટી/ડેડરેન્ટના દર તર્કસંગત બનાવવા જોઈએ, તેમાં પણ પાડોશી રાજ્યના રોયલ્ટીના દર સાથે સરખામણી થવી જોઈએ નહીં.

૧૩. સામાન્ય રીતે ખનિજની ગુણવત્તા એકસરખી જળવાતી નથી હોતી, તેથી એક જ ખનિજના ગ્રેડવાઈઝ રોયલ્ટીના દર નક્કી થાય તે જરૂરી છે, જ્યારે માર્બલ/ગ્રેનાઈટ જેવા ખનિજોમાં સાઈઝને ધ્યાને લઈ દર નક્કી થાય તે જરૂરી છે.

૧૪. ગુજરાત ગૌણ ખનિજ છુટછાટ નિયમો-૨૦૧૦માં પ્રાઈવેટ લેન્ડમાં આવેલ લીઝમાં ડેડરેન્ટ શેડ્યૂલમાં દર્શાવેલ દરના ૭૫ ટકા લેખે વસૂલવાની જોગવાઈ હતી. સદરહુ જોગવાઈ ૨૦૧૭ ના નિયમોમાં ચાલુ રાખવી જરૂરી છે.

૧૫. રાજ્યમાં પ્રવર્તમાન રોયલ્ટી/ડેડરેન્ટના દર પટ્ટેદારો ઉપર અસહ્ય બોજારૂપ છે, જે ફેરવિચારણાને પાત્ર છે. રોયલ્ટી/ડેડરેન્ટમાં ઘટાડા માટે ખનિજ કાયદા/નિયમો હેઠળ સમયગાળાનો કોઈ બાધ રહેતો નથી.

૧૬. રાજ્યમાં ગૌણ ખનિજો ઉપર રોયલ્ટીના ૧૦ ટકા લેખે ડિસ્ટ્રિક્ટ મિનરલ ફાઉન્ડેશન ટ્રસ્ટમાં રકમ જમા કરાવવાની રહે છે, જે એક પ્રકારે રોયલ્ટી ઉપરનો વધારો જ છે, જે પણ સમિતિએ ધ્યાને લઈ દર તર્કસંગત કરવા ભલામણ કરવી જોઈએ.

૧૭. પટ્ટેદારો છેલ્લાં બે વર્ષ ઉપરાંતના સમયથી કોવિડ-૧૯ની યાતનામાંથી પસાર થઈ રહેલ છે, જેની અસર ઉત્પાદન/નિકાસ ઉપર મોટા પાયે થયેલ છે, જે કારણે પણ હાલના તબક્કે રોયલ્ટી/ડેડરેન્ટના દર વધારવામાં આવે તે રાજ્યની ખનિજ પ્રવૃત્તિના વિકાસના હિતમાં નથી.

સરકારશ્રી દ્વારા રચવામાં આવેલ સમિતિ સમક્ષ ખનિજ વાર રોયલ્ટી/ડેડરેન્ટના દર તર્ક સંગત કરવા રજૂઆત કરવામાં આવે તે સમયે ખનિજ એસોસિયેશનના પ્રતિનિધિઓને ઉપયોગી થાય તે માટે ગૌણ ખનિજો અને તેના રોયલ્ટી/ડેડરેન્ટના દર બાબતે કાયદાકીય જોગવાઈ, પ્રવર્તમાન રોયલ્ટી/ડેડરેન્ટના દરની સમીક્ષા તથા સામાન્ય સૂચનો રજૂ કરેલ છે.

• • •




## About Ashapura Group

With a legacy of more than 60 years, Ashapura is a leading multi-mineral solutions provider with a global footprint, having a wide network of operations in several states within India and in 7 other countries.

We at Ashapura provide a wide range of solutions that touch billions of lives, every moment, every day! From soaps to steel, energy to edible oils, metal to medicine and from cement to ceramics, we have vicariously become an integral part of your life by offering intermediate mineral solutions, ores and additives to several industries.

Our captive mineral resources, state-of-the-art manufacturing base, cutting edge research capabilities, logistical prowess and 2,400 dynamic, progressive, result oriented employees accord us global leadership in several segments.

Ashapura means "Fulfilling Aspirations"; we believe that sustainable growth occurs only when we fulfill aspirations of all our stakeholders such as customers, employees, shareholders, the environment and the society at large.

*Domain Leadership*

- World's 3rd largest producer of Bentonite
- World's 3rd largest Bleaching Clay producer
- India's largest producer of refractory materials
- India's largest producer of proppants



Ashapura Group of Industries
278, Jeeven Udyog Building, Dr D. N. Road, Fort, Mumbai - 400 001, India
Tel - +91-22-6665 1700
info@ashapura.com www.ashapura.com

ASHAPURA
Group of Industries

TATA
SHUDH
CEMENT

પ્રસ્તુત છે
તાતા શુદ્ધ સિમેન્ટ ઓ.પી.સી.- 53

SUPERIOR 1
DAY STRENGTH

અમે નવા છીએ,
અમે બહેતર છીએ
અને અમે ભરોસાપાત્ર છીએ.



# HD Microns Limited

Mines Owner & Minerals Processor

## China Clay / Kaolin

*Hydrous Kaolin - Calcined Kaolin*
*Spray Dried Kaolin - Meta Kaolin*

Mineral that Enrich your Product Value

Paper | Paint | Fiber Glass
Plastic | Rubber | Ceramics

- Ultra Modern Manufacturing Unit.
- Under One Roof Hydrous - Spray Dried - Calcine China Clay.
- Highly Superior Products as a result of advance R & D Facility.

Your Product is our testimony

Head Office
HD House, Pooja "A",
Above ICICI Bank Limited,
Bhuj-Kutch 370001. Gujarat-India
Phone : +91 2832 251135/251071
Fax : +91 2832 224518/250937
E-mail : lead@hdmicrons.com

Ahmedabad Office
225-227, Platinum Plaza,
Judges Bunglow Road, Bodakdev,
Ahmedabad 380054. Gujarat-India
Phone : +91 79 26858937
+91 79 40035941
Fax : +91 79 40035941

www.hdmicrons.com

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન વિજ્ઞપ્તિ

૧. ગુજરાત રાજ્યના તમામ ખાણ-ખનિજધારકો, ખનિજ ઉદ્યોગકારો, ખાણ-ખનિજ સલાહકારો તથા ખાણ ઈજનેર ઈન્ડિયાના અમદાવાદ ચેપ્ટર નીચે કામ કરતાં સ્થાનિક કેન્દ્રોને જણાવવાનું કે આપના ઉદ્યોગને લગતાં નીતિવિષયક, કાયદા વિષયક અથવા આ અંગે કોઈ સૂચનો હોય તો ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન કાર્યાલય, અમદાવાદ ખાતે ઈ-મેઈલ (gujmin@gmail.com) દ્વારા અથવા પોસ્ટ દ્વારા મોકલી આપવા વિનંતી છે. આ સૂચનો ખનિજ પત્રિકામાં છાપવા યોગ્ય સલાહકાર મંડળને લાગશે તો ખનિજ પત્રિકામાં પ્રસિદ્ધ કરવામાં આવશે, જેની તમામ વાચકોએ નોંધ લેવા નમ્ર વિનંતી છે.

૨. ખનિજ પત્રિકાને આર્થિક રીતે સુદઢ બનાવવા માટે સભ્યશ્રીઓએ પોતાના ઉદ્યોગ/સંસ્થાની જાહેરખબર આપવા અપીલ છે.

૩. 'ખનિજ પત્રિકા' વાંચી, પોતાના અભિપ્રાય-સૂચનો મોકલવા વિનંતી જેથી 'ખનિજ પત્રિકા'ને વધુ ઉપયોગી બનાવી શકાય. જિલ્લા કક્ષાએ કાર્યરત મંડળો તેમજ ખાણ કેન્દ્રો પરના ખનિજ ભાવો ત્રિમાસિક મોકલાવે તો ગુજરાતનાં ખનિજ સક્રિય તથા આંતરરાષ્ટ્રીય કક્ષાએ હરીફાઈ કરવા સક્ષમ બનશે.

## ખનિજ પત્રિકામાં જાંહેરાતના દર નીચે મુજબ છે

| | એક વર્ષ | ૨ વર્ષ | ત્રણ વર્ષ |
|---|---|---|---|
| આગળનું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| આગળનું અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લા પાનાની અંદરનું પાનું | ૧૦,૦૦૦ | ૧૫,૦૦૦ | ૨૧,૦૦૦ |
| છેલ્લું પાનું | ૧૫,૦૦૦ | ૨૨,૫૦૦ | ૩૧,૫૦૦ |
| અંદરનું ફૂલ કલર પાનું | ૮,૦૦૦ | ૧૨,૦૦૦ | ૧૮,૦૦૦ |
| અંદરનનું અડધું પાનું | ૫,૦૦૦ | ૯,૦૦૦ | ૧૨,૦૦૦ |

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના સભ્યશ્રીઓને

### વાર્ષિક લવાજમ જમા કરવા

**-: વિનંતીપત્ર :-**

જય ભારત સાથે જણાવવાનું કે એસોસિયેશનના સભ્યશ્રીઓને ચાલુ વર્ષ ૨૦૨૨-૨૩ના વાર્ષિક લવાજમના ઈન્વોઈસ મોકલી આપેલ છે, જે અન્વયે એસોસિયેશનની લિમિટેડ કંપનીના સભ્યોએ સભ્યદીઠ વાર્ષિક લવાજમ પેટે રૂ. ૫૦૦૦/- અને લિમિટેડ કંપની સિવાયના સભ્ય પાસેથી દર વર્ષે વાર્ષિક રૂ. ૨૦૦૦/- વર્ષ ૨૦૧૬-૧૭થી લેવાનું ઠરાવેલ છે, જેથી સભ્યશ્રીઓને ચાલુ વર્ષ તથા અગાઉના વર્ષની બાકી રહેલી વાર્ષિક લવાજમની રકમ તાત્કાલિક મોકલી આપવા વિનંતી છે.

## ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન

લેખકો દ્વારા દર્શાવેલાં અભિપ્રાય-મંતવ્ય ખનિજ પત્રિકાના પ્રકાશક, તંત્રી અને "ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના નથી. પત્રિકામાં છપાયેલ કોઈ પણ સાહિત્યનું પુનઃ પ્રકાશન અનુમતિ સિવાય કરવું ખાસ વર્જિત છે.

## પત્રવ્યવહારનું સરનામું

**સંપર્ક:** સેક્રેટરી, ગુજમિન ઈન્ડસ્ટ્રી એસોસિયેશન, બીજો માળ, માર્બલ એન્ડ મિનરલ ચેમ્બર, ડી. કે. હાઉસ પાસે મીઠાખળી, અમદાવાદ-૩૮૦૦૦૬. **ટેલિ.:** ૨૬૪૨૭૦૪૭ **ઈ-મેઈલ:** gujmin@gmail.com

**જળસંચયના હેતુસર તળાવો/જળાશયો ઊંડા કરવાથી નીકળતાં સાદી માટી/સોફ્ટ મોરમ/કાંપ ખનિજના ઉપયોગ માટે ક્વોરી પરમિટ અને રોયલ્ટીમાંથી મુક્તિ બાબત.**

**ગુજરાત સરકાર, ઉદ્યોગ અને ખાણ વિભાગ**
**ઠરાવ ક્રમાંક : જીએમઆર-૧૦૨૦૧૮-૭૪૯-છ**
**સચિવાલય, ગાંધીનગર**
**તા. ૨૫-૦૩-૨૦૨૨**

**વંચાણે લીધાઃ**

(૧) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગની ફાઈલ
**ક્રમાંકઃ** પરચ/ ૨૦૨૧/૨૧૩૭/ક.૩ની તા. ૦૯-૦૩-૨૦૨૨ની નોંધ

(૨) નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગનો તારીખ ૧૦-૦૩-૨૦૨૨નો ઠરાવ
**ક્રમાંકઃ** પરચ/૨૦૨૧/૨૧૩૭/ક.૩

**આમુખઃ**

જળસંચયની કામગીરી અંતર્ગત રાજ્યના સંબંધિત વિભાગો દ્વારા વિવિધ કામો હાથ ધરવામાં આવે છે, જે પૈકી તળાવ ઊંડાં ઉતારવા અંગે ખૂબ મોટા પાયે કામગીરી હાથ ધરવામાં આવે છે. જળસંચયનો વ્યાપ વધે તે પ્રકારનાં કામો ચોમાસા-૨૦૧૮ પહેલાં મે માસમાં લોકભાગીદારીથી હાથ ધરવા માટે "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" શરૂ કરવાનો મહત્ત્વનો નિર્ણય લેવામાં આવેલ હતો. જળ અભિયાનના ફળસ્વરૂપ વર્ષ ૨૦૧૮ના ચોમાસામાં જળસંચયનો વધેલો વ્યાપ જોતાં વર્ષ ૨૦૧૯, વર્ષ ૨૦૨૦ તથા વર્ષ ૨૦૨૧માં "સુજલામ્ સુફલામ્ જળ અભિયાન" અંતર્ગત દરેક જિલ્લામાં જળસંચયનાં કામો હાથ ધરવાનો નિર્ણય લેવાયેલ હતો અને વર્ષ ૨૦૨૨માં પણ " સુજલામ્ સુફલામ્ જળ અભિયાન " અંતર્ગત દરેક જિલ્લામાં જળસંચયનાં કામો હાથ ધરવાનો નિર્ણય લેવાયેલ છે, જેમાં નર્મદા જ.સં.પા.પુ. અને કલ્પસર વિભાગના વંચાણે લીધેલ ક્રમાંકઃ (૨)ના ઠરાવથી કાર્યપદ્ધતિ નિશ્ચિત કરવામાં આવેલ છે. સદર ઠરાવના મુદ્દા ક્રમાંક (૨૮) મુજબ " ખોદાણ કામમાંથી મળતી માટીનો આસપાસમાં પ્રગતિ હેઠળનાં સરકારી કામો કે ખેડૂતોનાં ખેતર કે જાહેર કામોમાં વપરાશ કરવાનો રહેશે અને તે માટે કોઈ રોયલ્ટી ચૂકવવાની રહેશે નહીં તે મુજબનો ઉલ્લેખ છે.

ઉક્ત વિગતે રાજ્ય સરકારશ્રીના જળસંચય અભિયાન અંતર્ગત તળાવની પાણી સમાવેશ/સંગ્રહની ક્ષમતામાં વધારો થાય. ગ્રામજનોની જરૂરિયાત અને ગામના ખેડૂતોની જમીનસુધારણા માટે મદદરૂપ થાય તેમજ ગ્રામ પંચાયત અને સરકારશ્રીનાં વિકાસલક્ષી અને જળસંચયલક્ષી કામોમાં મદદરૂપ થવા ખોદાણમાંથી મળતી સાદી માટી/કાંપ/સોફ્ટ મોરમ આસપાસમાં પ્રગતિ હેઠળનાં સરકારી કામો કે ખેડૂતોના ખેતર કે જાહેર સ્થળોએ વપરાશ કરવાના હેતુસર નીચે મુજબના કિસ્સામાં દર્શાવેલ શરતોને આધીન ક્વોરી પરમિટ અને રોયલ્ટી ભરપાઈ કરવામાંથી મુક્તિ આપવા આથી ઠરાવવામાં આવે છે.

## ઠરાવ

૧. નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના તા. ૧૦-૦૩-૨૦૨૨ના ઠરાવ ક્રમાંકઃ પરચ/૨૦૨૧/૨૧૩૭/ક.૩ મુજબની કાર્યપદ્ધતિની અમલવારી કરવાની રહેશે.

૨. આ ઠરાવની અમલવારીનો સમયગાળો તા. ૩૧-૦૫-૨૦૨૨ સુધીનો રહેશે.

૩. ગ્રામ પંચાયત/સિંચાઈ દ્વારા તેઓ હસ્તકનાં તળાવ/જળાશય ઊંડાં કરવા સાદી માટી/કાંપ/સોફ્ટ મોરમ ખોદકામ માટે આપવામાં આવતી મંજૂરીઓને ગુજરાત ગૌણ ખનિજ છૂટછાટ નિયમો, ૨૦૧૭ની જોગવાઈઓ લાગુ પડશે નહીં.

૪. તળાવો/જળાશય ઊંડાં કરવાથી મળેલ/ઉત્ખનન થયેલ સાદી માટી/સોફ્ટ મોરમ/કાંપ તળાવના પાળા બનાવવા, ગામના લોકો દ્વારા ગામતળના ઉપયોગમાં કે ખેડૂતો દ્વારા ખેતરમાં લઈ જવામાં આવે અથવા કેન્દ્ર અથવા રાજ્ય સરકારના જાહેર વિકાસના કામે ઉપયોગમાં લેવામાં આવે ત્યારે ક્વોરી પરમિટ/રોયલ્ટીમાંથી મુક્તિને પાત્ર થશે.

૫. તળાવ/જળાશય જે ખાતા/વિભાગ/કચેરી/વ્યક્તિ હસ્તકનાં હોય તેની મંજૂરી/સંમતિ લીધા બાદ જ તળાવ ઊંડાં કરવાની કામગીરી કરવાની રહેશે તેમજ તળાવ/જળાશય/તલાવડી વગેરેના પાળા/બાંધકામ/સ્ટ્રક્ચરને નુકસાન ન થાય અને પાણી સંગ્રહ/સમાવેશ ક્ષમતા મહત્તમ થાય તે રીતે વૈજ્ઞાનિક ઢબે ખોદકામ કરવાનું રહેશે.

૬. ખોદકામ દરમિયાન જો સાદી માટી/કાંપ/મોરમ સિવાય રેતી સહિત અન્ય કોઈ ખનિજ મળી આવે તો જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીને જાણ કરવાની રહેશે અને આવાં ખનિજને ખસેડવાનાં રહેશે નહીં અન્યથા આવાં ખનિજનું ખનન, વહન કે સંગ્રહ બિનઅધિકૃત ગણાશે. આવા ખનિજ સંબંધિત ઓથોરિટીની નિયમોનુસાર પરમિટ મેળવી નિકાલ કરવાનો રહેશે.

૭. તળાવ/જળાશય ઊંડાં કરવાથી મળેલ/ઉત્ખનન થયેલ સાદી માટી/સોફ્ટ મોરમ/કાંપનું વેચાણ/ટ્રેડિંગ કરી શકાશે, નહીં અને માત્ર અંતિમ વપરાશ જ કરવાનો રહેશે.

૮. આ અંગેની 'સુજલામ્ સુફલામ્ જળ અભિયાન યોજના' સંબંધિત ફરિયાદો નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ઉક્ત તા. ૧૦-૦૩-૨૦૨૨ના ઠરાવમાં દર્શાવેલ સમિતિ સમક્ષ રજૂ કરવાની રહેશે.

૯. આ યોજના અંતર્ગત સમિતિ દ્વારા મંજૂર કરેલ પ્રોજેક્ટ/કામો જાહેર કરવાનાં રહેશે.

૧૦. આ જળસંચય યોજના હેઠળ રોયલ્ટીમુક્તિ નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ, ગાંધીનગરના ઉક્ત તા. ૧૦-૦૩-૨૦૨૨ના ઠરાવ હેઠળ પારા (૮) અને (૯) મુજબ થયેલ કામો પૂરતી જ મર્યાદિત રહેશે. અન્યથા નિયમોનુસાર રોયલ્ટી/દંડનીય કાર્યવાહીને પાત્ર બનશે.

૧૧. આ રોયલ્ટી મુક્તિનો ઉદ્દેશ માત્ર જળસંચયક્ષમતા વધારવાનો, ગ્રામજનોની જરૂરિયાત અને ગામના ખેડૂતોની જમીન સુધારણા માટે મદદરૂપ થવા તેમજ ગ્રામ પંચાયત અને સરકારશ્રીનાં વિકાસલક્ષી અને જળસંચયલક્ષી કામોમાં મદદરૂપ થવાનો છે.

૧૨. આ ઉપરાંત જળસંચય પ્રોજેક્ટમાં મંજૂર થયેલ પ્રોજેક્ટનું નામ, તેના સર્વે નંબર, ગામ, તાલુકા, વિસ્તાર, તેની અમલીકરણ એજન્સી/ સંસ્થા, જિલ્લા સમિતિ દ્વારા મંજૂર થયેલ ઠરાવ નંબર અને તારીખની વિગત સાથે જે તે કામ/પ્રોજેક્ટના ટેક્નિકલ રિપોર્ટ મુજબના સાદી માટી/કાંપ/સોફ્ટ મોરમ ખનિજનો જથ્થો (મે. ટનમાં) દર્શાવવાનો રહેશે અને તેમાંથી ઉપયોગ થનાર ખનિજનો જથ્થો કઈ જગ્યા, કઈ સંસ્થા અને ક્યાં વાહનો/મશીનરીનો કેટલા સમયગાળા માટે ઉપયોગ થનાર છે તે તમામ વિગતો સ્થાનિક ભૂસ્તરશાસ્ત્રીશ્રીની કચેરીને રજૂ કરવાની રહેશે.

૧૩. મંજૂર કરેલ મિનરલ કન્સેશનના વિસ્તારમાં આ ઠરાવ લાગુ પડશે નહિ તેમજ આવા મંજૂર કરેલ મિનરલ કન્સેશન વિસ્તારમાં 'સુજલામ્ સુફલામ્ જળ-૨૦૨૨' અંતર્ગત નવાં કામો મંજૂર/જાહેર કરવાનાં રહેશે નહિ.

૧૪. આ જળસંચય યોજના હેઠળ કામગીરી પૂર્ણ થયે દિન-૧૫માં જે તે પ્રોજેક્ટ/વિસ્તારમાં કરેલ કામગીરીની માપણી, વહન થયેલ જથ્થો વગેરેનો રિપોર્ટ સંબંધિત એજન્સીએ ઓથોરિટી સમક્ષ રજૂ કરવાનો રહેશે અને ઓથોરિટીએ સદર રિપોર્ટ

પ્રમાણિત કરી સંબંધિત જિલ્લા ભૂસ્તરશાસ્ત્રીશ્રીને રજૂ કરવાના રહેશે.

૧૫. ઉપરોક્ત બાબતે વંચાણે લીધેલ ક્રમાંકઃ (૧) પરની નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગના ફાઈલ ક્રમાંકઃ પરચ/૨૦૨૧/૨૧૩૭/ક.૩ની નોંધ પર નાણાં વિભાગની તારીખ ૦૯-૦૩-૨૦૨૨ના રોજ તથા સરકારશ્રીની અનુમતિ મળેલ છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે

**(આઈ.એસ. શેખ)**
**ઉપસચિવ**
**ઉદ્યોગ અને ખાણ વિભાગ**

---

## NOTIFICATION

Industries and Mines Department
Sachivalaya, Gandhinagar
Dated the 30th March, 2022.

Mines and No.GU/2022/26/GMR-102022-209-CHH:- In exercise of the powers conferred by Minerals Section-15 of the Mines and Minerals (Development and Regulation) Act, 1957 (67 (Development of 1957). The Goverment of Gujarat hereby makes the following rules further to and Regulation). amend the Gujarat Minor Mineral Concession Rules, 2017, namely:-
Act, 1957.

1. These rules may be called the Gujarat Minor Mineral Concession (Amendment ) Rules, 2022.
2. In the Gujarat Minor Mineral Concession Rules, 2017, in Rule 12, in sub-rule (1). in clause (b), for the word and figure "31st March , 2022" the word and figure" 31st March, 2025" shall be substituted.

By order and in the name of the Governor of Gujarat,

**(I. S. Shaikh)**
Under Secretary to Government

To,

- Personal Secretary to Hon. Governor, Rajbhavan, Gandhinagar (*By Letter)
- Chief Principal Secretary to Hon. Chief Minister, Office of Hon. Chief Minister, Swarnim Sankul-1, Sachivalaya, Gandhinagar.
- Deputy Secretary to Chief Secretary, Chief Secretary's Office, Sachivalaya, Gandhinagar.
- Personal Secretary to Additional Chief Secretary, Industries and Mines Department, Sachivalaya, Gandhinagar.
- Secretary, Legislative and Parliamentary Affairs Department , Forth Floor. Block-4, New Sachivalaya, Gandhinagar.
  - With a request to translate this notification in Gujarati language.
- Commissioner, Office of Geology and Mining, Block-15, Dr. Jivraj Mehta Bhavan, Sector-10-B, Gandhinagar.
  ....With a request to forward this notification to all Geologists/Assistant Geologists under their control.
- All the District Collectors, Gujarat ( by e-mail).
- Managing Director, Gujarat Mineral Devlopment Corporation, Vastrapur, Ahmedabad.
- The Manager, Government Central Press, Gandhinagar.



BOROSIL
renewables
Proudly making solar glass in India since 2010
WORLD'S 1st
51 Sb antimony 121.76
NoSbEra: Antimony-free solar glass
2 MM fully tempered solar glass
Our recent Innovations
Shakti: High-efficiency solar glass in the matt-matt finish
Selene: Anti-glare solar glass for PV installations near airports
500+Wp
Glass for Future Solar Technologies
Large size modules
Anti-reflective and Anti-soiling Coating
Meeting customer expectations with continuous innovation
W: www.borosilrenewables.com • E: sales.lig@borosil.com




Book-Post

ESTD. 1962

To,


**From:**

**GUJMIN INDUSTRY ASSOCIATION**

Reg. No. GUJ/15299/AHMEDABAD, UNDER SOCIETY ACT, 1860

2nd Floor, Marble & Mineral Chambers, B/h D.K. House,
Mithakhali, Ahmedabad-380006 (Gujarat). **Tel:** 079-26427047
**E-mail:** gujmin@gmail.com | **Website:** www.gujaratmineral.org



www.printvision.in